# એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન (CTE), પાટણ

## સતર્કતા જાગરૂકતા સપ્તાહ 2024




આજ રોજ તારીખ: 06/12/2024 ને શુક્રવારના રોજ નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાઇટી, મુંબઈ સંચાલિત એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન, પાટણ માં રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષા પરિષદ, નવી દિલ્લી નિર્દેશિત સતર્કતા જાગરૂકતા સપ્તાહ 2024 ની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમની ઉજવણી ના અગાઉ કાર્યક્રમના સંવાહક ડો. ગિરીશકુમાર ચૌહાણ એ કાર્યક્રમ ની ઝીણવટ પૂર્વક સમજ આપવામાં આવી હતી. જે અંતર્ગત સમગ્ર કાર્યક્રમને ઉજાગર કરતાં બોર્ડ વર્ક કરીને કાર્યકમનો મર્મ સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

વર્તમાન સમયમાં લોકો અનેક છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે તેવા સમયે સતર્કતા કેવી રીતે ઉપયોગી બની શકે તે માટે પ્રશિક્ષાણર્થીઓ સમાજ માટે શું શું કરી શકે ? તેની ખુબજ સચોટ માહિતી કોલેજના આચાર્ય ડો. ગંગારામભાઈ દ્વારા આપવામાં આવી હતી. વર્તમાન સમયમાં કેટલાક લોભામણા મેસેજ અને લિન્ક તેમજ કેટલીક સંદિગ્ધ ફાઇલ જેવી કે એ. પી. કે ફાઇલ વગેરેથી સાવચેત રહેવા માટે ડો. ગિરીશકુમાર ચૌહાણ દ્વારા સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સમગ્ર એલ. એન. કે. કોલેજ પરિવાર હાજર રહી કાર્યક્રમને સફળ બાનવ્યો હતો.